# લોકગીતના સંપાદનની પધ્ધતિ

જગદીશકુમાર એસ.પટેલ
પીએચ.ડી.,રીસર્ચ સ્કોલર, ડૉ.બી.એ.ઓ.યુનિ.,અમદાવાદ.

આપણે સૌ જાણીએ છીએ કે, મધ્યકાળમાં મુદ્રણયંત્રની સગવડ નહોતી તેથી જે સાહિત્ય સર્જાયું તે હસ્તલિખિત સ્વરૂપે જ હતું. પરંતુ જે લોકો અશિક્ષિત હતા તેમનું સાહિત્ય માત્ર કંઠસ્થ જ હતું. આવાં લોકોનાં સાહિત્યને લોકસાહિત્ય કહેવામાં આવે છે. આ સાહિત્ય લોકોની તળપદી ભાષામાં જ છે. શિષ્ટ સાહિત્ય કરતાં તે અનોખું છે. એ સાહિત્ય કોઈ એક વ્યક્તિની આગવી સંપત્તિ નથી પણ સમગ્ર જનસમાજનું એ સાહિત્ય છે. ખેતી અને એની સાથે સંકળાયેલ ધંધાઓમાં જોડાયેલ લોકો પાસે તેમજ જે વર્ગમાં અમક પ્રકારની સમાનતા હોય એવા કોઈ એક વર્ગનું સાહિત્ય પણ લોકસાહિત્ય જ ગણાય છે. આવા જનસમૂહોની આગવી સંસ્કૃતિ છે, આગવી રહેણીકરણી અને વિચારસરણી છે. એ બધાનું પ્રતિબિંબ તેમના સાહિત્યમાં ઝીલાય છે. લોકસાહિત્ય એ મૌખિક તેમજ કંઠસ્થ છે તેથી ઝવેરચંદ મેઘાણી તેને જનવાણી અને લોકવાણી કહીને ઉમેરે છે કે, 'લોકસાહિત્ય એ બોલાતી જનવાણીનો નિચોડ છે.' તેમાં કોઈ એક વ્યક્તિના વ્યક્તિત્વને બદલે સમગ્ર સમાજની છાપ ઊપસતી હોય છે. લોકસાહિત્યની આ વિશિષ્ટતા છે. એમાં લાઘવ હોય છે.એના સર્જકો અનામી છે. એમાં સંઘોર્મિનું ગાન હોય છે. આ સાહિત્ય સાર્વજનિક હોવાથી એમાં સમયાંતરે ઉમેરણ – ફેરફાર થતા રહે છે. માનવઉરનાં સંવેદનો, આશાઓ અને નિરાશાઓ, રૂઢિપરંપરાઓ, માન્યતાઓ વગેરેનો ધબકાર એમાં અભિવ્યક્ત થાય છે. તેથી જે તે જનસમાજનું સાચું સ્વરૂપ એમાંથી મળે છે. આ ઉપરાંત સમાજને હચમચાવી મૂકે એવી ઘટનાઓ કે પ્રસંગો પણ તેમાં વર્ણવાયા હોય છે.

આવા લોકસાહિત્યનું સંશોધન – સંપાદન થવા લાગ્યું એ પછી એના વિશે વિગતે વિચારણા થઈ. એના ભિન્ન–ભિન્ન સ્વરૂપો વાચકવર્ગ સમક્ષ આવવા લાગ્યાં. તેમાનું એક સ્વરૂપ એટલે લોકગીત.

આજે હું આપને લોકગીતના સંપાદનની પધ્ધતિ વિશે વાત કરીશ. લોકસાહિત્ય ક્ષેત્ર શાસ્ત્રાય ઢબે સંપાદિત થયેલાં ગીતો સાચા અર્થમાં લોકગીતો જ ગણાય.ગુજરાતીમાં ઝવેરચંદ મેઘાણી અને પુષ્કર ચંદરવાકર જેવા લોકવિદ્યાના મર્મજ્ઞોએ આ લોકગીતોનું શાસ્ત્રાય રીતે સંપાદન કરવાના પ્રયત્ન કર્યા છે. દરેક લોકગીત જે તે પ્રદેશની લોકબોલીનો અસરકારક અને વેધક રીતે ઉપયોગ કરે છે. તળપદા લોકશાહીના શબ્દો કહેવતો, રૂઢિપ્રયોગો વગેરે દ્વારા લોકગીતની અભિવ્યક્તિ ધારદાર બને છે. તેમાં નિરૂપાયેલ લોકજીવનની સામગ્રીમાં પહેરવેશ, ખાન–પાન, રીત–રિવાજ, રહેણીકરણી, આચારવિચાર વગેરે લોકપર્યાવરણનું જે ચિત્ર મળે છે તેને આધારે તે લોકગીત જે તે પ્રદેશની તથા તેની પ્રાદેશિકકલાની એક વિશેષ ઓળખ ઊભી કરે છે. આમ, લોકગીતમાં નિરૂપિત લોકપર્યાવરણ દ્વારા શ્રોતાજન ઓળખી જાય છે કે, આ લોકગીત અમુક પ્રદેશનું છે.

લોકવાડમયના સંપાદનમાં ક્ષેત્રકાર્યનું આગવું મહત્ત્વ છે. એટલે લોકગીતના સંપાદનકાર્યમાં સૌ પ્રથમ ક્ષેત્ર સંશોધન એટલે કે Field Work થવું જોઈએ. કોઈ જ્ઞાતા-માહિતીદાતા પાસેથી ગીતોની ઉપલબ્ધિ થઈ શકે. ક્ષેત્ર સંશોધકે વિવિધ બાતમીદારો પાસેથી વિવિધ સ્થળોના લોકગીત ગાનારની માહિતી મેળવવી પડે છે. ત્યારબાદ તે લોકગીત ગાનારનો પત્રવ્યવહારથી કે રૂબરુ મળીને સંપર્ક સાધવો પડે છે. અને નક્કી કરેલ સમયે અને સ્થળે લોકગીત સંપાદકે સંપૂર્ણ રીતે સાધન સજ્જ બનીને પહોંચી જવું પડે છે. તેમાં ધ્વનિમુદ્રણયંત્રની ખાસ ઉપયોગીતા રહે છે. કેમકે લોકગીત ગાનાર જે લહેકાથી લોકબોલીની વિશિષ્ટ લઢણમાં ગીત ગાતો હોય છે. સ્વરોના આરોહ-અવરોહ ગીતના વાતાવરણને વિશિષ્ટ રંગો આપતો હોય છે. તેને હાથેથી લખવા કે નોંધવા કરતાં ટેપરેકોર્ડર કે વિડીઓ કેમેરામાં કંડારીને તેનો અભ્યાસ કરવો વધારે અનુકુળ બની રહે છે. જો કે આ ગીત ગાનાર મોટેભાગે નિરક્ષર જ હોય છે. મોટેભાગે ગ્રંથસ્થ ગીતો જેના વાંચવામાં ન આવ્યાં હોય તેવા માણસોએ કંઠોપકંઠ સાંભળીને તેના અસલ કંઠસ્થ સ્વરૂપમાં સાચવેલાં આ ગીતો હોય છે. આવા ગીત ગાનારની માહિતા એકઠી કરી સાધન સજ્જ બનીને તેમની પાસે લોકગીતના સંપાદન અર્થે જવાનું હોય છે.

સંપાદકે પોતાની હૈયાઉકલત અને સૂઝથી ગીત ગાનારને તેના ઓરીજીનલ લહેકા સાથે ગીત ગાવા માટે પ્રેરવાનો હોય છે. ગીત ગાનાર ક્યાંક વચ્ચેની લીટી કે પંક્તિ ભૂલી જાય ત્યારે ત્યાં તેને પ્રોત્સાહિત કરવો પડે છે. ક્યારેક પડકારથી પણ પરવો પડે છે. ક્યારેક ગીત ગાનાર કે લોકકથક સંપાદકની પરીક્ષા લેવા વચ્ચે ખોટી માહિતી આપે ત્યાં સંપાદકે કથકને કે ગાનારને માઠું ન લાગે એ રીતે એની પાસેથી કામ લેવાનું હોય છે. લોકગીતના સંપાદકે ગીત ગાનરને પોતાના ઘર બોલાવી ગીત ગવડાવવા કે નોંધવા કરતાં તેણે જાતે તેની પાસે જઈ ગીત મેળવવાનું હોય છે. તેના નવરાશના સમયે તેની પાસે જવું જોઈએ અને તેનો વિશ્વાસ સંપાદન કરવો જોઈએ.

ક્યારેક લોકજીવનમાં લોકગીત અમુક વિશિષ્ટ પ્રસંગોએ જ ગવાતાં હોય ત્યારે શ્રોતાગણનો મોટો સમૂહ હોય છે. અને ક્યારેક નવરાશની પળોમાં ગવાતા લોકગીતનો શ્રોતાગણ પણ ગીત ગાનાર પર પ્રભાવ પાથરે છે. ગવાતા લોકગીતનો રંગ જામે ત્યાં શ્રોતાગણમાંથી હાંકલા-પડકારા થતાં હોય ભનકારા દેવાતા હોય અને હોકારા આવતા હોય ત્યાં લોકગીત ગાનાર વિશેષ રંગમાં આવીને ગીત જમાવતો હોય છે. લોકગીત ગાનાર ક્યારેક રાવણ હથ્થો લઈને લોકગીતની રજૂઆત કરતો હોય છે ત્યારે પણ એ શૌર્યના તાનમાં આવી જતો હોય છે. ત્યારે પણ ગીતમાં શૌર્યનો માહોલ સર્જાતો હોય છે. આમ લોકગીતનો રંગ એ ગીત ગાનારના મૂડ પર આધાર રાખે છે.

સંશોધકે ક્ષેત્રકાર્ય દ્વારા મેળવેલી સામગ્રી કે માહિતીનું વિભાગીકરણ કરવું પડે. લોકગીતોનું ક્ષેત્રકાર્ય કરતી વખતે તે પ્રદેશ, ત્યાંની બોલી, પહેરવેશ, તે ભૂમિના વિશિષ્ટ ઉત્સવો, ઋતુચક્ર અને જીવનચક્ર સાથે સંકળાયેલી તે પ્રદેશની લોકવિદ્યાત્મક પ્રવૃત્તિ, પરંપરા, તેનાં ખાસગીતો, એનું સંગીત, એમાં વપરાતાં લોકવાદ્યો, સહચારી નૃત્યો, વાડમયની રચનાઓ રજૂ કરવા માટેના કોઈ વિશિષ્ટ સંજોગો, કારણોને નિમિત્તો, કોઈ સ્થળ વિશેષ કે વ્યક્તિવિશેષ સાથે સંકળાયેલી શ્રધ્ધાઓ, જે વિષયનું ક્ષેત્રકાર્ય હોય તેના કથક,માહિતીદાતા અને વસ્તુની પરંપરાને જાણનાર વયોવૃદ્ધ વ્યક્તિઓએ બધી બાબતોની જાણકારી પૂર્વભૂમિકારૂપે મેળવી લેવી જોઈએ.

ક્ષેત્રકાર્ય કરનાર માણસ બહિર્મુખ પ્રકતિ ધરાવતો હોવો જોઈએ. જેથી જે તે પ્રદેશના લોકોનો વિશ્વાસ તે જીતી શકે. તે ધીરજવાન અને ચોકસાઈવાળો પણ હોવો જોઈએ.

ક્ષેત્રકાર્ય કરનારે મેળવેલી વિગતોમાંથી જે વિસંગતતા કે મતમતાંતર હોય એ વિશે પણ કામગીરી કરવી જોઈએ. અને વૈજ્ઞાનિક રીતે સંપાદન કરેલાં લોકગીતો જ લોકવિદ્યાના સંશોધકો માટે વિશેષ ઉપયોગી બની રહે છે.તેમાંથી ભાષાવિજ્ઞાનીઓ માટે ભાષા અને બોલીનો અભ્યાસ થઈ શકે છે. ઈતિહાસકારને સ્થાનિક ઈતિહાસની સામગ્રી પ્રાપ્ત થાય છે. તો સમાજશાસ્ત્રા અને નૃવંશશાસ્ત્રાને પણ પોતપોતાની મૂલ્યવાન સામગ્રી આવા લોકગીતો પૂરી પાડે છે. આમ, લોકવિદ્યાને ધ્યાનમાં રાખી સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, નૃવંશશાસ્ત્ર, ઈતિહાસ, જનજીવન વગેરેના પરિપ્રેક્ષ્યમાં આ લોકગીતોનું સંપાદન કરીને એની આલોચના કરવી ઘટે. માટે જ લોકગીતનું સંપાદન વધુ વૈજ્ઞાનિક રીતે થવું જરૂરી બની રહે છે. ક્યારેક તો વિવિધ ક્ષેત્રના વિદ્વાનો સાથે મળી લોકગીતમાં ક્ષેત્ર સંશોધન માટે જરૂર જોડાય તે પણ જરૂરી ખરું.

આ ઉપરોક્ત એક જ પ્રદેશના એક જ લોકગીતના વિવિધ પાઠાંતરો મળતા હોય. આ તમામ પાઠાંતરોનું સંપાદન થવું જરૂરી છે. આ બધા પાઠાંતરો પરથી એક શ્રધ્ધેય કહી શકાય તેવો પાઠ મેળવી શકાય. આવી રીતે વૈજ્ઞાનિક રીતે સંપાદિત થયેલ લોકગીત જે તે પ્રદેશના પ્રાકૃતિક અને લોકજીવનની માહિતીને તેની લખૂકી બોલીમાં અસરકારક અને ધારદાર રીતે રજૂ કરે છે. આ કારણે લોકકથાના લોકપર્યાવરણને આધારે તે ગીતક્યા પ્રદેશનું છે તેની ઓળખ આપોઆપ પ્રગટ થઈ શકે છે.

આપણે ત્યાં અગાઉ રજવાડામાં રાજવીઓને ખુશ કરવા મીર, ટાઢી, લંગા, ચારણ, તૂરી, રાવણહથ્થા જેવી લોકકથક લોકજાતિઓએ વાર્તા કે ગીત કથનને વ્યવસાય તરકિ સ્વીકારેલ ત્યારે કથનની કળા પેઢી–દર–પેઢી તેમની ગળથૂથીમાંથી ઉતરી આવતી હતી. અને તેઓ પોતાના સભારંભની શૈલીમાં શ્રોતાજનોને ખુશ કરી જતાં.આ કથકો વિવિધ રાજકુળો અને રાજવીઓનાં શોર્યની કથાઓ કે ગીતો ગાઇ સંભળાવીને રાજવી દરબારીઓને ખુશ કરી દેતા અને માન–સન્માન મેળવતાં. આવી કથાઓ કે ગીતો દરબારી ઠાઠની કથાઓ કે ગીતો બની રહેતાં.

વાસ્તવમાં સામાન્ય લોકસમાજના વૃધ્ધ કથકો રંગમાં આવી જઈને નવરાશની પળોમાં મોજમાંઆવી જઈને લોકગીતો લલકારતા હોય છે. અને વિશાળ શ્રોતાગણ રસપૂર્વક તે માણતો હોય છે. ત્યારે પણ વચ્ચેવચ્ચે શ્રોતાવર્ગ પોતાનું મંતવ્ય પ્રગટ કરે કે વાહવાહ કરે કે એને અનુરૂપ પોતાના લોકજીવનના તંતુઓને સાંકળતા તેનો નિર્દેશ ટૂંકમાં કરતા જાય છે. અને લોકગીતમાં એકરસ બની જતાં હોય છે. ક્યારેક શ્રોતાવર્ગ લોકગીત ગાનારને પ્રશ્નો પણ કરતાં હોય છે. આવા લોકગીતનું સંપાદન સંપાદક શ્રોતાવર્ગ વચ્ચે બેસીને કરે અને લોકગીત ગાનારના શબ્દેશબ્દને નોંધે અને એ લોકગીતમાં કોઈ જ ઉમેરણ ન કરે તે જરૂરી છે.

સૌથી મહત્વની વાત તો એ છે કે, લોકગીતનો સંપાદક જે તે લોકગીતનો ગાનાર કોણ, તેનું સરનામું, ઉમર વગેરે નોંધે તેમજ એ ગીત તેણે ક્યાંથી સાંભળ્યું કે તેને કોણે સંભળાવ્યું હતું તેનું પગેરું મેળવીને નોંધે એ પણ જરૂરી છે. કેમકે, તેના પરથી એ લોકગીતની પ્રાચીનતાનો ખ્યાલ આવી શકે છે. લોકગીતોનું આ પ્રમાણેનું સંપાદન જ શાસ્ત્રાય ગણાય અને એ રીતે સંપાદિત થયેલાં લોકગીતો જ સાચા અર્થમાં લોકગીતો ગણાય અને આવાં લોકગીતોના આંતરિક ગુણો તપાસી તેનું અનુસધાન વિશ્વના અન્ય લોકગીતો સાથે જોડી શકાય.